# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/359 Dt. 12/03/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'કો–ઓપરેટીવ કોન્કલેવ ૨૦૨૬' યોજાયો, સહકારી ક્ષેત્રના વિકાસ અને ઉદ્યોગ સાથેના સહકાર પર ભાર મુકાયો

## દેશભરમાં ૨ લાખ નવી સહકારી સોસાયટીઓ બનાવવાનો સરકારનો લક્ષ્ય: IFFCO, GUJCOMASOL તથા NCUIના ચેરમેન શ્રી દિલીપ સંઘાણી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૧૨ માર્ચ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦થી બપોરે ૧:૦૦ કલાક દરમ્યાન સરસાણા સ્થિત પ્લેટિનમ હોલમાં 'કો–ઓપરેટિવ કોન્કલેવ ૨૦૨૬' યોજાયો હતો, જેમાં સહકારી ક્ષેત્રના વિકાસ, સહકારી સંસ્થાઓને વધુ મજબૂત બનાવવાના પ્રયત્નો તેમજ ઉદ્યોગ અને સહકાર ક્ષેત્ર વચ્ચે સહકાર વધારવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, દેશના અર્થતંત્રમાં કો–ઓપરેટીવ અને ક્રેડિટ સોસાયટીઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને ખાસ કરીને નાના ઉદ્યોગ સાહસિકોને સંભાળી રાખવામાં મદદરૂપ બને છે. કોરોનાના સમયમાં પણ સુરતની સહકારી બેંકોએ પોતાની મજબૂત સ્થિતિ જાળવી રાખી હતી અને મધ્યમ વર્ગ માટે કરોડરજ્જુ સમાન સાબિત થઈ હતી. તેમણે કહ્યું હતું કે, કો–ઓપરેટીવ કોન્કલેવનો મુખ્ય ઉદ્દેશ સહકારી ક્ષેત્રના વિકાસ અને ઉદ્યોગ જગત સાથે સંકલન વધારવાનો હતો.

આ કોન્કલેવના મુખ્ય અતિથિ તરીકે IFFCO, GUJCOMASOL તથા NCUIના ચેરમેન શ્રી દિલીપ સંઘાણીએ સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, દેશના કેટલાક એવા વિસ્તારો છે જ્યાં ઉત્પાદનો થતા નથી એવા વિસ્તારોમાં પૂર્વ સૈનિકોની કો–ઓપરેટીવ બનાવીને ત્યાંની જમીનમાં ઉત્પાદન કરી શકાય છે. ખાસ કરીને જમ્મુ–કાશ્મીરમાં પોઝિટિવ અભિગમ સાથે આવા પ્રયાસો કરી શકાય છે. તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં સહકારીતાનું નવું માળખું ઉભું થઈ રહ્યું છે અને ગામડાથી લઈને જિલ્લા તથા રાજ્ય સ્તરે સર્વે કરવામાં આવ્યો છે. આ ડેટાના આધારે દેશભરમાં લગભગ ૨ લાખ નવી સહકારી સોસાયટીઓ સ્થાપવાની યોજના સાથે સરકાર આગળ વધી રહી છે, જેના કારણે મોટા પાયે રોજગારીનું સર્જન થશે.

શ્રી સંઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતનું સહકારી ક્ષેત્ર વૈશ્વિક સ્તરે અનોખું મોડેલ છે. સહકારી સંસ્થાઓ ખેડૂતો અને નાના ઉદ્યોગકારોને આર્થિક રીતે સશક્ત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે સહકારી સંસ્થાઓમાં પારદર્શિતા વધારવા, આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવા અને યુવાનોની ભાગીદારી વધારવા પર ભાર મુકયો હતો.

ગુજરાત સ્ટેટ કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી ફેડરેશન લિમિટેડના વાઈસ ચેરમેન ડો. જીવરાજ ગોધાણીએ સહકારી ક્રેડિટ સોસાયટીઓના મહત્વ અંગે જણાવ્યું હતું કે, આ સંસ્થાઓ નાના વેપારીઓ અને સામાન્ય નાગરિકોને સરળ અને સસ્તી નાણાકીય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. કોરોના કાળ દરમિયાન સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી આત્મનિર્ભર યોજનામાં રાજ્ય સરકારે ક્રેડિટ સોસાયટીઓને સબસિડાઈઝ યોજના સાથે જોડીને મહત્વપૂર્ણ પગલું ભર્યું હતું. તેમણે રાજ્ય સરકારને રત્નકલાકારો માટે પણ આવી જ યોજના અમલમાં લાવવાની વિનંતી કરી હતી.

વરાછા કો–ઓપરેટીવ બેંક લિમિટેડના ડિરેકટર શ્રી કાનજી ભાલાલાએ જણાવ્યું હતું કે, ભારતનું અર્થતંત્ર માત્ર મોટી કંપનીઓ, કોર્પોરેટ્સ અથવા મોટી બેંકો પર આધારિત નથી, પરંતુ તેમાં સહકારી ક્ષેત્રની પણ ખૂબ મોટી ભૂમિકા છે. મહારાષ્ટ્રમાં દેશની કુલ સહકારી સંસ્થાઓમાંથી આશરે ૨૭ ટકા સહકારી સંસ્થાઓ કાર્યરત છે. ત્યારબાદ ગુજરાત, કર્ણાટક અને કેરળનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું હતું કે, વિકસતા ભારતના અર્થતંત્રમાં સહકારી ક્ષેત્ર વધુ મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

સુરત જિલ્લા રજિસ્ટ્રાર શ્રી હરેશ કાછડે સરકાર દ્વારા સહકારી સંસ્થાઓને વધુ જવાબદાર અને સક્ષમ બનાવવા માટે લેવામાં આવતા પગલાં અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, દેશમાં હવે સહકારી ક્ષેત્રને કોર્પોરેટ સ્તરે આગળ લઈ જવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ઇફકો, કૃભકો અને સુમુલ જેવી સહકારી સંસ્થાઓ આ દિશામાં સફળતાપૂર્વક આગળ વધી રહી છે અને અન્ય સહકારી સંસ્થાઓને પણ એ જ દિશામાં પ્રોત્સાહન આપવાની જરૂર છે.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવો અને સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા આગેવાનો, સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ, ઉદ્યોગકારો અને વ્યવસાયિકો ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ મુખ્ય અતિથિ શ્રી દિલીપ સંઘાણીનો પરિચય કરાવ્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી મનિષ કાપડિયાએ કોન્કલેવ વિશે વિગતવાર માહિતી આપી હતી. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી પરેશ લાઠિયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

સુરત જિલ્લા અર્બન કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના સેક્રેટરી શ્રી જનક પાઠકે ડો. જીવરાજ ગોધાણીનો પરિચય આપ્યો હતો. ચેમ્બરની કો–ઓપરેટિવ સેકટર (નોન–બેંકિંગ) કમિટીના કો–ચેરમેન તથા સહકાર ભારતી – સુરતના પ્રમુખ શ્રી દિનેશ લહેરીએ શ્રી કાનજી ભાલાલાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના સભ્ય શ્રી અતુલ પટેલે સુરતના જિલ્લા રજિસ્ટ્રાર શ્રી હરેશ કાછડનો પરિચય આપ્યો હતો.